UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060


Team Achievers

Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

YEAR-71

# ઉદગામ

APRIL.26






RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## Meeting - 25

મીટીંગ કોલ ટુ ઓર્ડર : માયા રાવલ
ફોર વે ટેસ્ટ : રો. અનિતા ગુર્જર
સુવિચાર : આરતી શાહ
ગ્રીટિંગ્સ : રો. રૂતા સોની
એટેન્ડન્સ : રો. હર્ષ મહેતા
તારીખ : ૧-૪-૨૦૨૬

**TOYOTA TSUSHO WTTF TRAINING CENTER** સૌ પ્રથમવાર સુરેન્દ્રનગરમાં સેમિનાર કરવા જઈ રહયા છીએ તેની વિસ્તૃત માહિત તથા માર્ગદર્શન રો. કે. એન. પટેલ દ્વારા આપવામાં આવ્યુ.

પલંગ પ્રોજેકટનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ માટેની **AGLS & DLLS** સેમિનારામાં રો. જય મહેતા અને રો. દિપલ મહેતા જશે. રશ્મીન મહેતા અને રો. ભાવના મહેતા આ સેમિનારમાં પાર્ટીસિપેન્ટ થયા હતા. આ સેમિનાર આણંદ ખાતે રાખવામાં આવ્યો હતો. આ સેમિનારની વિસ્તૃત માહિત રો. રશ્મીન મહેતા થા રો. જય મહેતા દ્વારા આપવામાં આવી હતી.

નેશનલ રાયલામાં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનાં તનય શાહ, માહિ સોલંકી, નમસ્વી મહેતા, વેદિકા ઠકકર, કાવ્યા મહેશ્વરીએ પાર્ટીસિપેન્ટ થયા હતા તથા નેશનલ રાયલાનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.

૩૦૦ પલંગ વિતરણની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

ધાંધલપુર સોલર વોટર હિટર ફીટ કરવા જઈ રહયા છીએ તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા કરવામાં આવી હતી.

‘‘કલા કર્મપીઠ’’ કલાસીસમાં ડિઝાઈનર બ્લાઉઝ વર્કશોપની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી હતી.

આગામી પ્રોજેકટ વિશેની ચર્ચા પ્રમુખ સ્થાનેથી ચર્ચા કરવામાં આવી હતી.

ઝીરો અવર્સમાં રો. રશ્મીન મહેતા દ્વારા બ્લડની અછત હોવાના કારણે બ્લડ ડોનેશન કેમ્પ કરવા માટેના સુચનો તથા માર્ગદર્શન આપ્યુ હતુ.

## ડિઝાઈનર બ્લાઉઝ વર્કશોપ

પ્રોજેકટ : ડિઝાઈનર બ્લાઉઝ વર્કશોપ
તારીખ : ૧-૪-૨૦૨૬ થી ૩-૪-૨૦૨૬ સુધી (ત્રણ દિવસ)
સ્થળ : ‘‘કલા કર્મપીઠ’’, રત્નાક એવન્યુ,
જીનતાન રોડ.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી ‘‘કલા કર્મપીઠ’’ કલાસીસમાં ડિઝાઈનર બ્લાઉઝ બનાવવાનું વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ વર્કશોપ સતત ત્રણ દિવસ સુધી રાખવામાં આવ્યો હતો. જેમા બહેનોએ ઉત્સાહપુર્વક જોડાયા હતા. વર્કશોપ દરમિયાન બહેનોને ડિઝાઈનર બ્લાઉઝ બનાવવા અંગેની વિવિધ નવી ટેકનિક, કટિંગ તથા

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

ડિઝાઈનિંગની રીતો શીખવવામાં આવી હતી. ઘણી બહેનોને બ્લાઉઝ ડિઝાઈનિંગમાં રસ હોવાને કારણે તેમને આ તાલીમ ખુબ ઉપયોગી સાબિત થઇ હતી. આ વર્કશોપમાં ભાગ લેવા માટે ફી રૂા. ૫૦૦ રાખવામાં આવી હતી. ત્રણ દિવસની તાલીમ દરમિયાન બહેનોને પ્રેક્ટિકલ રીતે માર્ગદર્શન આપ્યુ હતુ. જેથી તેઓ આગળ જઇને સ્વરોજગાર તરફ પણ આગળ વધી શકે. આ પ્રકારના તાલીમ કાર્યક્રમો દ્વારા મહિલાઓમાં કૌશલ્યવિકાસ થાય તથા તેઓ આત્મનિર્ભર બને તેવો સારો પ્રયાસ કરવામાં આવ્યો હતો.





## બ્લડ ડોનેશન કેમ્પ (ભાગ-૧)

પ્રોજેક્ટ : બ્લડ ડોનેશન કેમ્પ (ભાગ-૧)

તારીખ : ૩-૪-૨૦૨૬
સ્થળ : શ્રી દયામયી માતા સ્કુલ, સુરેન્દ્રનગર.

**Supported by :**
**Rotary Club of Surendranagar**
**Indian Red Cross Society, Surendranagar**
**Rotary Club of Wadhwan Metro**
**Rotaract Club of Wadhwan Metro**
**Rotaract Club of Surendranagar**

"રકતદાન મહાદાન કહેવાય છે" હાલમાં ચાલી રહેલી બ્લડની અછત થેલેસેમિયા પીડિત બાળકો માટે, ઇમરજન્સી ઓપરેશનમાં દર્દીને તાત્કાલીક જરૂર પડતી હોય ત્યારે બ્લડ નથી મળતુ. આ બ્લડ ડોનેશન કેમ્પ બીજીવાર કરવામાં આવ્યો છે. ચાર કલબો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં

### થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૭ બોટલ રકત એકત્રિત

Sandesh



સુરેન્દ્રનગર : ઈન્ડીયન રેડક્રોસ, રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરી કલબ ઓફ વઢવાણ મેટ્રો અને શ્રીમદ્દ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પીટલના સંયુકત ઉપક્રમે શહેરની દયામયી માતા ઇંગ્લીશ સ્કુલ ખાતે થેલેસેમીયા પીડીત બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં ૨૭ રકતદાતાઓએ રકતદાન કર્યું હતુ. આ તકે પ્રોજેકટ ચેરમેન કલ્પેશ સંઘવી, હીરેન શાહ, પ્રણવ મહેતા સહિતનાઓ ઉપસ્થીત રહ્યા હતા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



યુવાનો તેમજ સમાજના અનેક સભ્યોએ ઉત્સાહપુર્વક ભાગ લઇને સ્વૈચ્છિક રીતે રકતદાન કર્યુ હતુ. જે હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓ માટે ખુબ ઉપયોગી બનશે. આ કેમ્પમાં ૨૬ બોટલ એકત્રિત કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ડોકટરોની ટીમ દ્વારા રકતદાતાઓની યોગ્ય ચકાસણી કરીને સુરક્ષિત રીતે બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતુ. કલબ તરફથી આભાર વ્યકત કરીને દરેક બ્લડ ડોનેટ દાતાઓને સર્ટિફિકેટ તથા નાનકડી ભેટ આપવામાં આવી હતી.










ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

# સોલાર વોટર હિટર

પ્રોજેક્ટ : સોલાર વોટર હિટર
ડોનર : ડી. વી. શાહ

તારીખ : ૫-૪-૨૦૨૬
સ્થળ : ધાંધલપુર (સાયલા પાસે)

તાલુકો સાયલા, જી. સુરેન્દ્રનગર ખાતે આવેલ ધાંધલપુર છાત્રાલય શ્રી સી. યુ. શાહ બક્ષીપંચ કુમાર આશ્રમ શાળામાં ૫૦૦ લિટર ક્ષમતાવાળા બે સોલાર વોટર હિટર ફીટ કરવામાં આવ્યા. આ આશ્રમ શાળામાં હાલમાં લગભગ ૪૫ બાળકો અભ્યાસ કરે છે. આ બાળકો ખુબ ગરીબ પરિવારોમાંથી આવે છે. તેમની ઉંમર ૧૦ થી ૧૭ વર્ષ વચ્ચેની છે. બાળકો અહી રહેવા તથા ભણવાની સુવિધા આપવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ આશ્રમ શાળામાં કોઇપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. ગરીબ પરિવારોના બાળકોને શિક્ષણની તક મળી રહે છે. આ આશ્રમ શાળાનું નવું બિલ્ડિંગ પણ થોડા સમય પહેલા સી. યુ. શાહ (મિનલબેન) ના પ્રયત્નોથી નિર્માણ કરવામાં આવ્યુ છુ.

રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. જીતેશ દફતરીના નેતૃત્વ હેઠળ સોલાર વોટર હિટર ફીટ કરવામાં આવ્યું છે.

સોલાર વોટર હીટરથી બાળકોને ગરમ પાણીની સગવડ સરળતાથી મળી રહેશે. જે તેમના દૈનિક જીવનમાં મોટી રાહતરૂપ બનશે.

“સોલાર વોટર હીટર” પ્રોજેક્ટ આ વર્ષનો સૌથી સફળ તથા ઇમ્પેક્ટફુલ સાબિત થયો છે.

CUSTOM TAILORING BY IDEAL
Readymade
Suits | Jodhpuri
Koti | Shirts
Formal Pants | Jeans
Cottons T-Shirts

Compay Authorised Retail dealer
ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555








જનયુગ દૈનિક,સુરેન્દ્રનગર:-રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ તથા સેક્ટરી જીતેશભાઈ દફતરી ના નેતૃત્વ હેઠળ શ્રી ડી. વી. શાહના સંયોજનથી સુરેન્દ્રનગર થી આશરે ૩૦ સળ દૂર આવેલા ધાંધલપુર ગામ ખાતે આવેલ આશ્રમશાળામાં ૫૦ જેટલા ગરીબ આશ્રિત બાળકો માટે શિયાળાની ઠંડીમાં ઉપયોગી નીવડે તેવા બે ૫૦૦ લીટરની ટેન્ક ની ક્ષમતાવાળા સોલાર વોટર હીટર ફીટ કરાવવામાં આવ્યા હતાં.

**સાયલાના ધાંધલપુર ગામની આશ્રમ શાળામાં બે વોટર હીટર અર્પણ કરાયા**




સુરેન્દ્રનગર : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વીવીધ સેવાકીય પ્રવૃતી કરવામાં આવે છે. ત્યારે સાયલા તાલુકાના ધાંધલપુર ગામે આવેલ આશ્રમશાળામાં કલબ દ્વારા ગરમ પાણીના ૨ સોલાર વોટર હીટર ૫૦૦ લીટર કેપેસીટી સાથેના અર્પણ કરાયા હતા. આ સેવાકીય કાર્યના દાતા ડી.વી.શાહ રહ્યા છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



# પલંગ વિતરણ

પ્રોજેક્ટ : પલંગ વિતરણ
ડોનર : મિષ્કા શાહ, મિવાન શાહ, ડી.વી. શાહ, તનય શાહ, રોહન દોશી, બિરવા પટેલ, સ્વયં સોની, સાક્ષી ગદાણી, ભાવેશ પરમાર, વિનોદ કુરિયા, ધીરૂભાઈ સોની, સાક્ષી કૃણાલ, વનરા સાહેબ, ડો. હરપાલસિંહ(વિરાજ સિંહ), આરવ, અનાયા, નિશા કેલા, નથવાણી સર

તારીખ : ૬-૪-૨૦૨૬
સ્થળ : દેહગામ, વિરેન્દ્રગઢ, સાવડા

આ પ્રોજેક્ટ અંતર્ગત, દાવડા ગામમાં ૧૦૦ પલંગ, દેહ ગામમાં ૧૦૦ પલંગ તથા વિરેન્દ્રગઢ વિસ્તારમાં ૧૦૦ પલંગ એમ કુલ ૩૦૦ પલંગનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ તમામ પલંગ ત્રણેય વિસ્તારની આશ્રમ શાળામા રહેતા બાળકોને અર્પણ કરવામાં આવ્યા હતા. આ આશ્રમ શાળાઓમાં અનેક બાળકો રહે છે. જેઓ પોતાના ઘરે અનુકુળ પરિસ્થિતિના અભાવે અહી રહીને અભ્યાસ કરે છે. અગાઉ બાળકો માટે જમીન ઉપર સુવાની વ્યવસ્થા હતી જેના કારણે તેમને યોગ્ય આરામ મળતો નહોતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને પલંગ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેથી બાળકોને આરામદાયક રીતે સુવાની સુવિધા પ્રાપ્ત થાય. પલંગ મળતા બાળકોના ચહેરા પર ખુશી, આનંદ અને ઉત્સાહ સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો. તેમના આરોગ્ય તથા અભ્યાસ બન્ને માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

આ પલંગ વિતરણ પ્રોજેક્ટ આ વર્ષનો શ્રેષ્ઠ તથા સૌથી અસરકાર પ્રોજેકટમાંથી એક રહયો છે. જે ખરેખર ગર્વ અનુભવવાનો વિષય છે.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## નેઈલ આર્ટ

પ્રોજેક્ટ : નેઈલ આર્ટ

તારીખ : ૭-૪-૨૦૨૬ થી ૧૧-૪-૨૦૨૬ (ચાર દિવસ)
સ્થળ : કલા કર્મપીઠ કલાસીસ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી ‘‘કલા કર્મપીઠ’’ કલાસીસમાં બહેનો માટે પાંચ દિવસ નેઈલ આર્ટ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ખાસ કરીને યંગ જનરેશનમાં નેઈલ આર્ટનો શોખ દિવસે દિવસે વધતો જોવા મળે છે. પરંતુ માત્ર યુવાનો જ નહી સામાન્ય બહેનોમાં પણ નેઈલ આર્ટ પ્રત્યે ખાસ રસ જોવા મળે છે. આ રસને ધ્યાનમાં રાખીને બહેનોને સ્વરોજગાર માટે પ્રોત્સાહન મળે તે હેતુથી નેઈલ આર્ટના કલાસીસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કલાસીસમાં નેઈલ આર્ટ ટીચર દ્વારા બહેનોને તાલીમ દરમિયાન વિવિધ પ્રકારની થિયરી અને પ્રેકટીકલ, પ્રોડકટ અને ટુલ નોલેજ, પ્રેસઓન નેઈલ્સ, સેમ્પલ પ્લેટ ફિનિશ, એડવાન્સ કોર્સ નોલેજ, બેઝિક નેઈલ જેલ આર્ટ, જેલ એપ્લીકેશન, નેઈલ એકસટેન્શન, સ્ટોન વર્ક, ગ્લીટર ફિનિશ, સ્ટ્રિપિંગ ટેપ આર્ટ, ફ્રેન્ચ આર્ટ, માર્બલ નેઈલ આર્ટ, સ્ટોન એપ્લીકેશન, બ્રાઈડલ નેઈલ આર્ટ, એંગેજમેન્ટ નેઈલ ડિઝાઈન વગેરે નેઈલ આર્ટના આધુનિક પ્રકારો શીખડાવવામાં આવ્યા હતા. તેઓ ઘરેથી અથવા પાર્લર શરૂ કરીને સ્વરોજગાર મેળવી શકે. આ પ્રયાસથી મહિલાઓ આત્મનિર્ભર તથા પોતાના જીવનમાં આર્થિક રીતે આગળ વધી શકે છે.





## Meeting - 26

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. અપુર્વ શેઠ
ફોર વે ટેસ્ટ : રો. નિતિન પટેલ
સુવિચાર : રો. કે. એન. પટેલ

ગ્રીટિંગ્સ : રો. રૂતા સોની
એટેન્ડન્સ : રો. ચિંતન રાવલ
તારીખ : ૮-૪-૨૦૨૬

પલંગ પ્રોજેક્ટનો અહેવાલ રો. સિધ્ધેશ મહેતા દ્વારા આપવામાં આવ્યો.

દયામય સ્કુલ બ્લડ ડોનેશન કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો. ટોયોટા ટ્રેનિંગ સેમિનાર કરવા જઈ રહયા છીએ તેની માહિતી રો. કે. એન. પટેલ તથા ટોયોટા





કંપનીમાંથી આવેલા શ્યામસિંહજી દ્વારા વિસ્તાર પુર્વક માહિતી તથા તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બ્લડ ડોનેશન કેમ્પ કયા અને કેવી રીતે કરવો તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામા આવ્યો.

ધાંધલપુર સોલાર પ્રોજેકટ વિશેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો. આગામી પ્રોજેકટ સાયન્સ લેબોરેટરી કરવા જઈ રહયા છીએ તેની ચર્ચા રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવી.

આગામી પ્રોજેકટ વોટર કુલર વિશેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

સમર કેમ્પ પ્રોજેકટ કયા અને કેવી રીતે કરવો તેની વિગતવાર ચર્ચા રો. પિનલ દેકેવાડિયા દ્વારા કરવામાં આવી.

## "TOYOTA" સેમીનાર

પ્રોજેકટ : "TOYOTA TSUSHO NTTF TRAINING CENTER"

તારીખ : ૧૦-૪-૨૦૨૬
સ્થળ : એસ. પી. વિદ્યાલય

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા એસ. પી. સ્કૂલના સહયોગથી ટોયોટા કંપનીનો સેમિનાર રાખવામાં આવ્યો. આ સેમિનારમાં બુલબુલબેન દ્વારા વિદ્યાર્થીઓને સમજુતી આપવામાં આવી હતી. ટોયોટા સુશો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તથા **NIFT** ના સહયોગથી ટોયોટા સુશો **NIFT** તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. આ તાલીમ કેન્દ્રમાં વિદ્યાર્થીઓ માટે ત્રણ વર્ષનો ડિપ્લોમાં પ્રોગ્રામ ઓફર કરવામાં આવી રહયો છે. આ તાલીમ કેન્દ્રનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી વ્યવહારૂ તથા ગુણવતા સભર, જેમાં આધુનિક શિક્ષણ પધ્ધતિઓ, પ્રેકિટકલ તાલીમ તથા કુશળતા વિકાસ પર ખાસ ભાર મુકવામાં આવેલ. આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને તેમના કારકિર્દિ નિર્માણ માટે મજબુત આધાર પુરો પાડે છે.

જયા વિદ્યાર્થીઓને વિવિધ પાયાના ઉદ્યોગોમાં ૩ મહિનાનો વર્ગખંડ અભ્યાસ અને ૩૩ મહિનાની નોકરી પર તાલીમ આપવામાં આવે છે. ઉમેદવારોને દર મહિને સ્ટાઈપેન્ડ મળે છે. તેમને **(GTU)** ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી ડિપ્લોમાં પ્રમાણપત્ર, **NTTF** ડિપ્લોમાં પ્રમાણપત્ર અને **JIM** જાપાન ઈન્સ્ટીટ્યુટ ફોર મેન્યુફેકચરિંગ પ્રમાણપત્ર પણ મળે છે.

આ સેમિનાર હિરેન શાહ, રો. કમલેશ રાવલ હાજર રહયા હતા. વિદ્યાર્થીઓ માટે આ સેમિનાર ખુબ જ સફળ રહયો છે.

CUSTOM TAILORING BY
IDEAL
Readymade
Suits | Jodhpuri
Koti | Shirts
Formal Pants | Jeans
Cottons T-Shirts

Compay Authorised Retail dealer
ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555










## બ્લડ ડોનેશન કેમ્પ (ભાગ-૨)

પ્રોજેક્ટ : બ્લડ ડોનેશન કેમ્પ (ભાગ-૨)

તારીખ : ૧૨-૪-૨૦૨૬
સ્થળ : રોટરી હોલ

**Supported by :**
Rotary Club of Surendranagar
Indian Red Cross Society, Surendranagar
Rotary Club of Wadhwan Metro
Rotaract Club of Wadhwan Metro
Rotaract Club of Surendranagar

આ ચાર કલબોના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૩૪ બોટર એકત્રિત કરવામાં આવી હતી. આ બ્લડ ડોનેશન કેમ્પ સમાજના તમામ વર્ગના લોકો માટે ખુલે રાખવામાં આવ્યો હતો. કોઈપણ સ્વસ્થ વ્યકિત બ્લડ ડોનેટ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સમાજના દરેક વ્યીકતએ માનવ સેવાના આ કાર્યક્રમમાં જોડાઈને બ્લડ ડોનેટ કરી જરૂરિયાતમંદોને જીવનદાન આપ્યુ.

આ કેમ્પમાં ઈન્ડિયન રેડ ક્રોસની ટીમની દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો. બ્લડ ડોનેટ કરનાર દરેક વ્યકિતને સર્ટીફિકેટ તથા ગિફ્ટ આપવામાં આવી હતી. આ ગીફ્ટના સ્પોન્સર રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. રશ્મિન મહેતાએ મહત્વપુર્ણ યોગદાન આપ્યુ હતુ.

ચારેય કલબના પ્રેસિડન્ટ તથા સેક્રેટરી તથા અન્ય સભ્યો હાજર રહયા હતા.
















ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## વોટર કુલર - ૧

પ્રોજેક્ટ : વોટર કુલર (૮૦ લિટર)
ડોનર : રો. રાકેશ શાહ

તારીખ : ૧૩-૪-૨૦૨૬
સ્થળ : ગુંદિયાળા ગ્રામ્ય વિસ્તાર

ગુંદિયાળા તથા આજુબાજુના વિસ્તારોમાં વધતી ગરમીને ધ્યાનમાં રાખીને લોકો માટે શુધ્ધ અને ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી ૮૦ લિટર ક્ષમતા ધરાવતા વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. જેથી મુસાફરોને ઠંડુ અને સ્વચ્છ પાણી સરળતાથી મળી રહે. સ્વચ્છ પાણી પીવાથી આરોગ્ય સારૂ રહે છે. તથા પાણી જન્ય રોગોથી બચી શકાય છે. વોટર કુલર ગ્રામ્ય વિસ્તાર માટે ખુબ જ ઉપયોગી સાબિત થઇ રહયુ છે.



## વોટર કુલર - ૨

પ્રોજેક્ટ : વોટર કુલર (૬૦ લિટર)
ડોનર : રો. જીતેન્દ્ર રાઠોડ

તારીખ : ૧૫-૪-૨૦૨૬
સ્થળ : નડાળા પ્રાથમિક શાળા

નડાળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ પીવાના પાણીની યોગ્ય સગવડ ઉપલબ્ધ નહોતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વોટરકુલર ફીટ કરવામાં આવ્યુ. આ વોટર કુલર સ્થાપિત થતા શાળાના બાળકોને સ્વચ્છ અને ઠંડુ પાણી સરળતાથી મળી રહે છે. પરિણામે બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થશે તથા તેઓ વધુ તંદુરસ્ત રહી અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. ત્યાના બાળકો દ્વારા આનંદ તથા ઉત્સાહથી વોટર કુલર ફીટ થતા બાળકો દ્વારા ખુશીના માહોલમાં વોટર કુલરને તિલક કરીને તેનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જે તેમની ખુશી અને આભારની ભાવનાનું પ્રતિબિંબ છે. આ વોટર કુલર ૬૦ લિટર પાણી ક્ષમતા ધરાવતા વાળુ છે.







દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 01-05-2026
રીપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

**રોટરી ક્લબ સુરેન્દ્રનગરએ બાળકો માટે વોટર કુલર આપ્યુ**



**સુરેન્દ્રનગર ભાસ્કર**રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સાયલા પાસે આવેલા નાડાળા ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ત્યાં ભણતા 150 ગરીબ બાળકો માટે ઠંડા પાણી ની સગવડતા રહે તે માટે વોટર કુલર ફીટ કરવામાં આવે છે

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## વોટર કુલર - ૩

પ્રોજેક્ટ : વોટર કુલર (૮૦ લિટર)
ડોનર : રો. જીતેન્દ્ર રાઠોડ

તારીખ : ૧૭-૪-૨૦૨૬
સ્થળ : ધાંધલપુર આશ્રમ શાળા

સુરેન્દ્રનગરથી દુર ૩૦ કિલોમીટર દુર આવેલ ધાંધલપુર આશ્રમ શાળામાં ૮૦ લિટર ક્ષમતા ધરાવતા વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. જે આશ્રમના તમામ બાળકો માટે પુરતુ તથા ઉપયોગી સાબિત થશે. શાળામાં વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ પીવાના પાણીની યોગ્ય સગવડ ઉપલબ્ધ નહોતી. આ બાબતને ધ્યાનમાં રાખીને ત્યાં વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. વિદ્યાર્થીઓને સ્વચ્છ તથા ઠંડુ પાણી સરળતાથી ઉપલબ્ધ થશે. જેના કારણે તેઓ સ્વસ્થ રહી શકે તથા તેમના દૈનિક જીવનમાં સુવિધા અનુભવશે.






જનયુગ દૈનિક, સુરેન્દ્રનગર:-રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગર થી આશરે ૩૦ કિલોમીટર અંતરિયાળ ગામ ધાંધલપુર શાળામાં તેમજ સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકા ની ગુંદિયાળા શાળામાં પણ રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા દાતાશ્રી ચિનુભાઈ દલીચંદભાઈ શાહ તેમજ મધુબેન મહાદેવભાઇ પંચાલ, મહાદેવ ગિરધરભાઈ પંચાલ દ્વારા ૮૦ લીટર કેપેસિટી ધરાવતા પાણીના કુલર આપવામાં આવ્યાં હતાં. જે એક કુલરની કિંમત રૂા. ૪૦,૦૦૦ જેટલી છે. જેમાં પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ તેમજ સેક્રેટરી જીતેશભાઈ દફતરી દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ દ્વારા સામાજિક સેવાના ખૂબ જ સરસ પ્રોજેક્ટ કરેલ છે.

## Meeting - 27

મીટીંગ કોલ ટુ ઓર્ડર : અનિતા પટેલ
ફોર વે ટેસ્ટ : રો. ક્રિષ્ના સોલંકી
સુવિચાર : ડો. અમી વોરા

ગ્રીટિંગ્સ : મેઘાવીની રાવલ
એટેન્ડન્સ : રો. દિપલ મહેતા
તારીખ : ૧૫-૪-૨૦૨૬, બુધવાર

ટોયોટા ટ્રેનિંગનો એસ. પી. સ્કૂલ ખાતે રાખવામાં આવ્યો હતો. તેનો વિગતવાર અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

બ્લડ ડોનેશન કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

ગુંદિયાળા, ધાંધલપુર, નડાળા ખાતે વોટર કુલર ફિટિંગ કરવામાં આવ્યુ. તેનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો. ડેન્ટલ ચેકઅપ, બ્લડ ડોનેશન કેમ્પ, એનિમિયા કેમ્પ, આઇ ચેકઅપ કેમ્પ કયા અને કેવી રીતે કરવો તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા કરવામાં આવી.

આગામી પ્રોજેક્ટ સમર કેમ્પની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

મે મહિનામાં માળોદ ખાતે પાંચ ગામ એકત્રિત કરીને મેગા મેડિકલ કેમ્પ કરવાનો છે તેની ચર્ચા

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા કરવામાં આવી.

ઝીરો અવર્સમાં રો. ઈલેકટ હર્ષ મહેતા તથા રો. ઈલેકટ દિપલ મહેતાને **PELS & ELS** રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ માટે **BEST WISHES** પાઠવવામાં આવ્યા હતા.

## અન્નપુર્ણા

પ્રોજેકટ : અન્નપુર્ણા

તારીખ : ૧૭-૪-૨૦૨૬
સ્થળ : જવાહર ગ્રાઉન્ડ, ઉપાસના વિકલાંગ પુનઃવર્તન કેન્દ્ર

ઉપાસના વિલાંગ પુનઃર્વસન કેન્દ્ર જવાહર ગ્રાઉન્ડ પાસે આવેલા જતીન મહેતાના બર્થ ડે નિમિતે બાળકો માટે જમણવાર રાખવામાં આવેલો હતો. આ વિકલાંગ કેન્દ્રમાં ૧૧૦ બાળકોને રસ-પુરી, રીંગણ બટેકાનું શાક, ઢોકળા, સ્વાદિષ્ટ વાનગીઓ પ્રેમપૂર્વક તથા સન્માન સાથે જમાડવામાં આવ્યા હતા. જતીન મહેતાના સુંદર પ્રયત્નથી બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સૌએ તેમને દિલથી અભિનંદન પાઠવ્યા હતા.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## રોટરી સમર કેમ્પ

પ્રોજેકટ : રોટરી સમર કેમ્પ
પ્રોજેકટ ચેર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૨૭, ૨૮-૪-૨૦૨૬ (બે દિવસ)
સ્થળ : રોટરી હોલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ફ્રીમાં રોટરી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. રો. પ્રેસિડન્ટ હિરને શાહ, રો. રશ્મિન મહેતા, ફર્સ્ટ લેડી તોરલ શાહ, રો. પીનલ દેકેવાડિયા, કિંજલ દવે, નંદિની ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટચથી શરૂઆત કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૪૫ બાળકોનું રજીસ્ટ્રેશન થયેલું હતું. બાળકોને વ્યવસ્થિત રીતે શીખવી શકાય તે હેતુથી આ કેમ્પ બે દિવસ માટે આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે નંદિની ત્રિવેદી દ્વારા બાળકોને આઈસ્ક્રીમ સ્ટીક પર કલર કરવાની રીત, સટીકોને સમાન રીતે ગોઠવવાની પદ્ધતિ તથા તેના પર સુંદર ડ્રોઈંગ બનાવી તેમાં યોગ્ય રીતે રંગ પુરવાની કલા શીખવાડવામાં આવી હતી. સાથે સાથે રવિ ત્રિવેદી દ્વારા બાળકોને પ્રથમ ડાન્સના મુળભુત સ્ટેપ શીખવાડવામાં આવ્યા તેમજ સમગ્ર ડાન્સ વ્યવસ્થિત રીતે શીખવાડવામાં આવ્યો હતો. બીજા દિવસે નંદીની ત્રિવેદી દ્વારા બાળકોને કલેના વિવિધ આકારો કેવી રીતે બનાવવા તેની સમજૂતી આપી બાળકો પાસે કલેમાંથી ફલાવર બનાવતા શીખવાડેલું. સાથે સાથે વસ્તલ મહેતા દ્વારા પેપર શીટમાં નંબર આધારિત રોકેટ આકારનો રોકેટને બેરલમાં લગાવીને ડ્રોઈંગ કટીંગ તથા રોકેટ ના આકારમાં મોડેલ તૈયાર કરતા શીખવાડેલું. બાળકોને યોગ્ય માર્ગદર્શન પણ આપેલું. વૈજ્ઞાનિક પ્રવૃતિ દરમિયાન બોટલને બેરલ સાથે જોડવામાં આવી હતી. બાળકો દ્વારા બનાવવામાં આવેલ રોકેટને બેરલમાં યોગ્ય રીતે ગોઠવવામાં આવ્યુ હતુ. વંદે ભારત નારા લગાવીને રોકેટને ઉડાડવામાં આવ્યું બતુ. બોટલને દબાણપુર્વક પુશ કરતા હવાના દબાણથી રોકેટ આકાશમાં ઉંચે સુધી ઉડતું હતું. આનંદ સાથે વિજ્ઞાનના સિદ્ધાંતને પ્રયોગાત્મક રીતે સમજાવવાની તક મળી. આ બંને દિવસ દરમિયાન પેરેન્ટસનો ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહયો છે. તેમજ આવા બીજા કેમ્પ કરવાના સુચનો આપેલા છે.




રોટરી હોલ સુરેન્દ્રનગર ખાતે બાળકો માટે સમર કેમ્પ યોજાયો






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઇ ચેકઅપ, એનીમીયા ચેકઅપ, ડેન્ટલ ચેકઅપ

પ્રોજેક્ટ : આઇ ચેકઅપ, એનીમીયા ચેકઅપ, ડેન્ટલ ચેકઅપ
તારીખ : ૨૭-૪-૨૦૨૬
સ્થળ : પાટીદાર સંસ્કૃતિ સોસાયટી, બાયપાસ રોડ, રતનપર

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રી રાજચંદ્ર સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગથી ડેન્ટલ ચેકઅપ, આઇ ચેકઅપ, એનીમીયા ચેકઅપનો કેમ્પ રાખવામાં આવેલ પાટીદાર સંસ્કૃતિ સોસાયટી માળોદ ચોકડી બાયપાસ રોડ, રતનપર પાસે આવેલ કોમ્યુનિટી હોલમાં આ કેમ્પ રાખવામાં આવેલ હતા. આઇ ચેકઅપ કેમ્પ દરમિયાન નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા આંખોની તપાસ કરી નંબર ચકાસવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જેમને આંખોના નંબર હોવાનું જણાયું તેમને નિઃશુલ્ક નંબરવાળા ચશ્મા ફ્રીમાં આપવામાં આવ્યા હતા. તથા આંખોની યોગ્ય જાળવણી, સ્વચ્છતા તથા આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. એનિમિયા કેમ્પ દરયિમાન લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ, લોહીની ઉણપતા તથા આરોગ્ય તપાસવામાં આવ્યું હતુ. તપાસ દરમિયાન જેમનો હિમોગ્લોબિન ઓછું જાણવામાં આવ્યુ તેમને આર્યન ટેબલેટ, ફોલિક એસિડ તેમજ યોગ્ય પૌષ્ટિક આહાર અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડેન્ટલ ચેકઅપમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યુ હતુ. સ્વચ્છતા, દાંતની સફાઇ, યોગ્ય સંભાળ, નિયમિત બ્રશિંગ, યોગ્ય આહાર, દાંતની સુરક્ષા, દંત આરોગ્ય માટે શું જાગૃતિ રાખવી તે માર્ગદર્શન આપી ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યુ હતુ. પણ ડેન્ટલ ચેકઅપ દરમિયાન ડેન્ટલ ચેકઅપ સામાન્ય હોવાનું જણાયું હતુ. ત્રણેય કેમ્પની સંખ્યા ૫૦૦ હતી. દરેક લોકો પ્રત્યેના ખુબ જ સારા પ્રતિસાદ મળેલ છે.





જનયુગ દૈનિક, સુરેન્દ્રનગરઃ-શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે પાટીદાર સંસ્કૃતિ સોસાયટી માળોદ ચોકડી,બાયપાસ રોડ,રતનપર સુરેન્દ્રનગર ખાતે ફ્રી આઈ ચેકઅપ, ડેન્ટલ તેમજ એનિમિયા ચેકઅપ કેમ્પ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ૪૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરના પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ,સેક્રેટરી જીતેશભાઈ દફતરી દ્વારા વિવિધ સામાજિક કાર્યો દ્વારા રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરની ખાસ ઓળખ ઊભી કરવામાં આવેલ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Meeting - 28

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. ચિંતન રાવલ
ફોર વે ટેસ્ટ : રો. નિતીન શાહ
સુવિચાર : રો. ઉદય રાવલ
ગ્રીટિંગ્સ : રો. પારસ સોલંકી
એટેન્ડન્સ : રો. નિતીન પટેલ
તારીખ : ૨૯-૪-૨૦૨૬, બુધવાર

આઇ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ, ડેન્ટલ ચેકઅપ કેમ્પ પાટીદાર સંસ્કૃતિ ખાતે કરેલ તેનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ફ્રીમાં સમર કેમ્પ કરવામાં આવ્યો હતો તેનો અહેવાલ રો. ક્રિષ્ના સોલંકી દ્વારા આપવામાં આવ્યો હતો.

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ **PELS & SELS** નો અહેવાલ વિગતવાર માહિતી રો. ઇનકમિંગ પ્રેસિડન્ટ હર્ષ મહેતા દ્વારા આપવામાં આવ્યો હતો.

અન્નપુર્ણા પ્રોજેકટનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરન શાહ દ્વારા આપવામાં આવ્યો.

હવે પછી મે મહિનામાં પ્રોજેકટ કરવા જઇ રહયા છીએ તેનું પ્લાનિંગ કેવી રીતે કરવું તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરન શાહ દ્વારા કરવામાં આવી.

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ પ્રબોર્ડ મીટીંગ રાખવામાં આવી હતી. આ મિટિંગમાં વર્ષ ૨૦૨૬-૨૭ માં એવોર્ડ ફંકશન ઇવેન્ટર વિશેની ચર્ચા તથા ફંડ રાઇઝિંગ માટે મ્યુઝિકલ નાઇટ તથા નવા પ્રોજેકટનો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સ્વિમિંગ કોમ્પિટિશનના પ્લાનિંગની માહિતી રો. પરિમલ મોદી દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

## સાયન્સ લેબોરેટરી

પ્રોજેક્ટ : પ્રોજેક્ટ રોટરી સમર કેમ્પ
પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા
ડોનર : રો. જીતેન્દ્ર રાઠોડ, અલકા રાઠોડ, મધુ પંચાલ, મહાદેવ પંચાલ
તારીખ : ૩૦-૪-૨૦૨૬
સ્થળ : શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળા

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્રાણગઢ પ્રાથમિક શાળામાં ભવ્ય સાયન્સ લેબોરેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યો. શાળાના બાળકોએ ઢોલ નગારા સાથે તેમજ તિલક તથા ફુલની પાંખડીઓ દ્વારા તમામ રોટરી મેમ્બરોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ દરેક રોટરીયન મેમ્બરોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યો. રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા દરેક ઉપસ્થિત મેમ્બરોનો આભાર માન્યો હતો. તેમજ બાળકોને આ લેબોરેટરીનો પ્રેકટીકલ સમજણ તથા વૈજ્ઞાનિક ણાન પ્રાપ્ત થશે તેવી બાળકોને પ્રેરણા આપી હતી તથા **A.G.** સંદીપ ગાંધી દ્વારા પોતાના સંબોધનમાં બાળકોને પ્રેરણા આપતા જણાવ્યું કે આ પ્રાપ્ત થયેલી ઉતમ લેબોરેટરીનો સંપૂર્ણ લાભ લઇને તેમાં ખુબ ખુબ આગળ વધો તેવી શુભકામનાઓ બાળકોને પાઢવી હતી. આ લેબોરેટરીનો ઓપનિંગ **A.G.** સંદિપ ગાંધી તથા રોટરી મેમ્બરોના સભ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ લેબોરેટરીમાં ટેલિસ્કોપ, પેરિસ્કોપ, કેલિડોસ્કોપ,

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

ન્યુટનની ગતિના નિયમ સમજાવતા બેલેન્સ બોલ, સોલાર સિસ્ટમ મોડેલ, માનવ શરીરના દરેક આંતરિક તંત્ર બતાવતુ મોડલ, ખૂણા માપવા માટેના સાધનો, ગાણિતિક વૈજ્ઞાનિક રમત, માઈક્રોસ્કોપ રસાયણ કીટ વગેરે આધૂનિક સાધન વાસવામાં આવ્યા. સાયન્સ લેબોરેટરી ખરેખર ખુબ જ ઉપયોગી તથા પ્રસન્ય પહેલ છે. આ લેબોરેટરી દ્વારા બાળકોને પ્રાયોગિક તેમજ વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થશે જેના કારણે તેમનો શૈક્ષણિક વિકાસ વધુ મજબૂત બનશે. શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના વિકાસ માટે એક સશક્ત પાયો સાબિત થશે, ઉતમ શૈક્ષણિક કાર્ય તથા વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે લેબોરેટરી ખૂબ જ ઉપયોગી તથા પ્રેરણાદાયક સાબિત થશે. પૂષ્પગુચ્છના સવાગતથી લઈને સ્કૂલના સંચાલન સુધીનો સતત એન્કરીંગ વિરલ વ્યાસ દ્વારા કરવામાં આવ્યો. તેમજ પ્રાણગઢ શાળાના વતી આચાર્ય જયદેવસિંહ ઝાલાએ રો. પ્રેસીડન્ટ હિરેન શાહ તથા રો. જીતેશ દફતરી ફિલ્ડ આપી સુંદર મેસેજ આપેલો કે જ્ઞાનનું બીજ ૧વજ્ઞાન દ્વારા રોપીને બાળકોને આકાશમાં ઉડાન ભરવા માટે પ્રોત્સાહન આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર સુરેન્દ્રનગરથી ૧૨ કિમીના અંતરે આવેલ આ શાળા સાયન્સ લેબોરેટરી સ્થાપિત કરવા માટે આ શાળા રૂરલ એરિયામાં છે. રૂમની કલર કામથી લઈને જરૂરી સાધનોની પસંદગી તથા ટેબલ-કબાટ સુવિધાઓની સંપૂર્ણ તૈયારી રો. પીનલ દેકેવાડીયા દ્વારા કરવામાં આવી હતી. તેમની મહેનત સમર્પણ તથા ઉતમ આયોજનના પરિણામે આ લેબોરેટરી સફળતાપુર્વક સાકાર બની છે તથા આ સાયન્સ લેબોરેટરીનો સંપૂર્ણ શ્રેય રો. પીનલ દેકેવાડીયાને મળે છે. સાથે સાથે રો. જીતેન્દ્ર રાઠોડ, અલકા રાઠોડ, મધુ પંચાલ, મહાદેવ પંચાલને ખૂબ ખૂબ આભાર કે સાયન્સ લેબોરેટરીનું ડોનેશન પુરૂ પાડેલ. આ સાયન્સ લેબોરેટરીની નોંધ **A.G.** સંદીપ ગાંધી દ્વારા લેવામાં આવી છે. રો. પ્રેસિડન્ટ સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા તેમના પિતાશ્રી ના નામે પ્રાણગઢ શાળામાં પ્રોજેકટર આપવાનું કમેન્ટ આપેલ છે.













દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 01-05-2026
રીપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

**રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્રાણગઢ શાળાને લેબોરેટરીની ભેટ**

**વિદ્યાર્થીઓ માટે આધુનિક સાધનોની સુવિધા કરાઈ**

રીપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે પ્રાણગઢ પ્રાથમિક શાળા ખાતે અદ્યતન સાયન્સ લેબોરેટરીનું નિર્માણ કરાયુ છે. રૂ. 89,000ના ખર્ચે તૈયાર કરાયેલી આ લેબોરેટરીમાં શાળાના રૂમનું કલરકામ, નવા કબાટ, વૈજ્ઞાનિક અને ગાણિતિક ચાર્ટ્સ તેમજ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવાયા છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને પ્રયોગો કરવા ટેબલની વ્યવસ્થા કરાઈ છે.

આ પ્રસંગે એક વિશેષ જાહેરાત કરતા જીતેશ દફ્તરીએ શાળાને પ્રોજેક્ટરની ભેટ આપી હતી, આ લેબોરેટરી દ્વારા વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાનના અઘરા સિદ્ધાંતો પ્રાયોગિક રીતે સમજી શકશે, જે તેમના શૈક્ષણિક અને બૌદ્ધિક વિકાસમાં ખૂબ જ મદદરૂપ થશે.

આ પ્રોજેક્ટ રોટરી ક્લબના પ્રેસિડેન્ટ હિરેન શાહ અને સેક્રેટરી જીતેશ દફ્તરીના નેતૃત્વ હેઠળ સંપન્ન થયો હતો, જેનું સફળ સંચાલન પીનલબેન દેકાવાડિયા દ્વારા કરાયુ હતું. ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આસિસ્ટન્ટ ગવર્નર (રોટરી 3060) સંદીપ ગાંધી સહિતના અગ્રણીઓ ખાસ હાજર ત રહ્યા હતા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. ડો. સિધ્ધેશ વોરાને **District(3060)** ના **Being Appointed as District Cleft/Cleft Palate & Minor Plastic Surgery Chair** તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. સેવા પ્રત્યેનું આપનું સમર્પણ તબીબી શ્રેષ્ઠતા અને માનવ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબધ્ધતા અત્યંત પ્રસન્ન છે. આ ઉમદા જવાબદારીમાં તમને સતત સફળતા પ્રાપ્ત થાય તેવી હાર્દિક અભિનંદન સાથે ખુબ ખુબ શુભેચ્છાઓ.



**CLUBS IN ACTION**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

**ROTARY CLUB OF SURENDRANAGAR**





Rotary Club of Surendranagar organized a Drawing Competition at Rotary Hall, Surendranagar. A total of 34 students from nearby talukas enthusiastically participated in the competition. All the participants showcased remarkable creativity and talent. Out of these participants, six students were selected by the judges based on their outstanding performance. Rotary Club of Surendranagar has sponsored professional drawing coaching for these six selected students to further nurture their talent. All the participating students were highly talented, making the selection process challenging for the judges. The Rotary Club of Surendranagar also provided all the necessary drawing stationery for the competition.

This initiative by Rotary Club of Surendranagar was a wonderful effort to identify and encourage hidden talent from rural schools. The project proved to be very successful and meaningful in promoting creativity among young students.





Rotary Club of Surendranagar in association with Anubandh Sanstha organized a Joint Industrial Training Seminar for individuals who are planning to start their own businesses or have recently established new ventures.

The objective of this training program was to enhance the skills and awareness of aspiring entrepreneurs. The session covered important topics such as business promotion and publicity, effective product packaging, social media development, and guidance on how to avail benefits from various Government schemes for small businesses and startups.

The training session was conducted by Mr. Chetan from Ahmedabad, an expert in the field, who delivered an informative three-hour session. Through a well-structured presentation supported by a projector, he shared practical knowledge and valuable business insights which proved highly beneficial for all the participants.

Through such initiatives, the Rotary Club of Surendranagar along with Anubandh Sanstha continues its commitment towards promoting employment and self-employment opportunities and spreading business awareness in the community through meaningful seminars and training programs.

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ડ્રોઈંગ કોમ્પિટિશન કવિ દલપતરામ થીમ પર રાખવામાં આવેલ તથા ઈન્ડસ્ટ્રીયલ સેમીનાર ટ્રેનિંગને **GML** ડિસ્ટ્રીકટ (૩૦૬૦)માં સ્થાન પ્રાપ્ત થયુ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

**REWARDS & RECOGNITION**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## TOP 5 CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - MAR 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Shah | Himanshu Jagani |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 4 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 5 | WADHWAN METRO | Pranav Mehta | Umang Shah | Sandeep Gandhi |

**રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન માર્ચ મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘પબ્લિક ઇમેજ કેટેગરીમાં ’’ ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ માં ૧ થી ૫ કલબમાં બીજા ક્રમાંક ઉપર છે.**

## TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - MAR 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 2 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 4 | DONDAICHA | Harish Jain | Sachin Shah | Sandeep Girase |
| 4 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |
| 5 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 5 | SURAT EAST | Kirit Vankadi | Hitesh Vekariya | Sandeep Nanavati |
| 6 | VERAVAL | Dr. Ishwar Gondse | Rajesh Jayshwal | Pratik Sanghrajka |
| 7 | BARODA SAYAJINAGARI | Kashyap Shah | Sanyogita Pradhan | Dr. Maulesh Dholakia |
| 7 | SURAT TAPI | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 7 | VAPI | Parag Vora | Sagar Dewani | Swati Shah |
| 7 | WADHWAN METRO | Pranav Mehta | Umang Shah | Sandeep Gandhi |
| 8 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 8 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 8 | UMBERGAON | Dr Priyanka Sheth | Lalit Taparia | Swati Shah |
| 9 | JAMNAGAR | Hitesh Chandaria | Nihar Malde | Nilesh Bhojani |
| 10 | VYARA | Rujuta Gandhi | Ashish Shah | Pinkalba Desai |

**રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ માર્ચ મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘કોમ્યુનિટી સર્વિસ પ્રોજેક્ટમાં ’’ ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ માં ૧ થી ૧૦ કલબમાં બીજા ક્રમાંક ઉપર છે.**

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555






## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 3 Apr. | Ann. | Nirav Dinesh Shah | B. D. |
| 4 Apr. | Rtn. | Pinal Dekevadiya | B. D. |
| 4 Apr. | Ann. | Mitika Sagar Shah | B. D. |
| 4 Apr. | Rtn. | Dhanesh Vakhariya | B. D. |
| 7 Apr. | Rtn. | Jinesh Shah | B. D. |
| 8 Apr. | Spo. | Nehal Vakhariya | B. D. |
| 10 Apr. | Rtn. | Sagar Shah | B. D. |
| 10 Apr. | Ann. | Vivek Dipak Gurjar | B. D. |
| 13 Apr. | Rtn. | Lata Shah | B. D. |
| 18 Apr. | Spo. | Jatin Maheta | B. D. |
| 27 Apr. | Spo. | Jagruti Kalpesh Goswami | B. D. |
| 28 Apr. | Ann. | Mayur Uday Raval | B. D. |
| 29 Apr. | Rtn. | Sagar Shah & Niraj Shah | W. D. |

UNITE FOR GOOD | Team Achievers | ROTARY INTERNATIONAL




## CLUB CONTACTS

**PRESIDENT**
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

**SECRETARY**
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

**BULLETIN EDITOR**
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar
MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001